# ભારતીય ઇતિહાસ પ્રશ્નપત્ર- 4

1.દિલ્લીનો કયો સુલ્તાન ' ગુલરૂખ' ઉપનામથી કવિતાઓ લખતો હતો ?

(A) સિકંદર લોદી (B)દૌલતખા લોદી (C) ઇબ્રાહિમ લોદી (D) સૈયદ લોદી

2.શેરશાહ સૂરીનો વહીવટી વિભાગ વિશે જોડકા જોડો.

(1) દીવાન-એ-આરીજ (a) પ્રધાનમંત્રી

(2) દીવાન-એ- રસાતલા (b) મુખ્ય ન્યાયાધીશ

(3) દીવાન-એ- વજારત (c) સૈન્ય વિભાગ

(4) દીવાન-એ-કાજી (d) વિદેશ મંત્રાલય

(A) 1 – b, 2 – c, 3 – d, 4 – a (B) 1 – d, 2 – c, 3 – b, 4 – a

(C) 1 – a, 2 – b, 3 – c, 4 – d (D) 1 – c, 2 – d, 3 – a, 4 – b

3.ગ્વાલિયરના રાજા વિક્રમજીતના પરિવાર પાસેથી યુદ્ધ દરમ્યાન કોહિનૂરનો હીરો કોણે છીનવી લીધો હતો ?

(A) જહાંગીરે (B) હુમાયુએ (C) અકબરે (D)શાહજહાંએ

4. બાબરની આત્મકથા ' બાબર્નામાં' કઈ ભાષામાં લખી હતી ?

(A) ઉર્દૂ (B) તૂર્કી (C)પર્શિયન (D) પાલી

5. કયા શાસકે મુસલમાનો પર લગાવવામાં આવતો ' તમગા' નામનો કર સમાપ્ત કર્યો હતો ?

(A) જહાંગીર (B) હુમાયુ (C) અકબર (D) બાબર

6. ભારતમાં જાહેર બાંધકામ ખાતાની સ્થાપના કોના સમયમાં થઈ હતી ?

(A) લોર્ડ ડેલહાઉસી (B) લોર્ડ વેવલે (C) લોર્ડ માઉન્ટ બેટન (D) લોર્ડ રિપન

7. પલ્લવવંશના સ્થાપકનું પ્રતિનિધિત્વ કરતું કયું પ્રાણી પલ્લવોના મોટા ભાગના સ્તંભોમાં જોવા મળે છે ?

(A) બળદ (B) હાથી (C) સિંહ (D) વાઘ

8.રાજગાદીએ આવ્યા બાદ હર્ષે કયું બિરૂદ ધારણ કર્યું હતું ?

(A) મહારાજા (B) શિલાદિત્ય (C) ગુણરાજા (D) અવનિસિંહ

9. રોમન સામ્રાજ્યની પડતી પછી ભારતીય વેપારીઓ મુખ્યત્વે કોની સાથે વેપાર કરતાં હતા ?

(A) પશ્ચિમ એશિયા (B) મધ્ય એશિયા (C) દક્ષિણ પૂર્વ એશિયા (D) ચીન

10. અકબરે ફતેહપુર સિક્રી ખાતે સ્થાપેલ ઈબાદતખાનામાં ભાગ લેનાર વિવિધ ધર્મ વિદ્વાન વિશે જોડકા જોડો.

(1) મુસ્લિમ ધર્મ (a) મુલ્લા અબ્દુલ નથી

(2) હિન્દુ ધર્મ (b) પુરૂષોતમ અને દેવી

(3) પારસી ધર્મ (c) દસ્તૂરજી મેહરજી રાણા

(4) ઈસાઈ ધર્મ (d) રૂકાલીલા અને માંસેફાટ

(A) 1 – b, 2 – c, 3 – d, 4 – a (B) 1 – d, 2 – c, 3 – b, 4 – a

(C) 1 – a, 2 – b, 3 – c, 4 – d (D) 1 – c, 2 – d, 3 – a, 4 – b



www.gnanbhandar.com

**11.** લિટ્ટી ચોખા એ ક્યા રાજ્યની ખાસ વાનગી છે ?

**(A)** પંજાબ **(B)** <u>બિહાર</u> **(C)** ગુજરાત **(D)** હિમાચલપ્રદેશ

**12.** નીચેના પૈકી કયું સિંધુ ખીણની સંસ્કૃતિનું સ્થળ ઈસુના જન્મ પહેલા સાત હજાર વર્ષથી પ્રવૃતિઓ દર્શાવે છે ?

**(A)** હડપ્પા **(B)** ધોળાવીરા **(C)** <u>મેહરગઢ</u> **(D)** લોથલ

**13** નીચે દર્શાવેલ જોડકા જોડો.

(1) ભીંતચિત્રકામ **(a)** નટરાજ

(2) પિછવાઇ **(b)** વસંતવિલાસ

(3) પોથીચિત્ર **(c)** ચિત્રસેવા

(4) કાંસ્ય મૂર્તિકલા **(d)** પદ્મપાણી

**(A) 1 – b, 2 – c, 3 – d, 4 – a** **(B)** <u>**1 – d, 2 – c, 3 – b, 4 – a**</u>

**(C) 1 – d, 2 – a, 3 – c, 4 – d** **(D) 1 – c, 2 – d, 3 – a, 4 – b**

**14.** 'સોનધાર' નામની લોન કોણે લાગુ પાડી ?

**(A)** અલાઉદ્દીન ખીલજી **(B)** <u>મોહંમદ તઘલક</u> **(C)** ફિરુઝ તઘકલ **(D)** મુબારક ખીલજી

**15.** અકબરે કરેલા મહત્વપૂર્ણ કાર્યો વિશે જોડકા જોડો.

(1) ઇ.સ. 1562 **(a)** તીર્થયાત્રા કર સમાપ્ત

(2) ઇ.સ. 1563 **(b)** દિને-એ- ઇલાહીની સ્થાપના

(3) ઇ.સ. 1564 **(c)** જજિયાકર સમાપ્ત

(4) ઇ.સ. 1582 **(d)** દાસપ્રથાનો અંત

**(A) 1 – b, 2 – c, 3 – d, 4 – a** **(B) 1 – d, 2 – c, 3 – b, 4 – a**

**(C)** <u>**1 – d, 2 – a, 3 – c, 4 – d**</u> **(D) 1 – c, 2 – d, 3 – a, 4 – b**

**16.** સ્વામી હરિદાસ કઈ ધાર્મિક પ્રણાલીના હતા ?

**(A)** ગૌડિયા પ્રણાલી **(B)** રેસિક પ્રણાલી **(C)** <u>સખી પ્રણાલી</u> **(D)** વારકરી પ્રણાલી

**17.** નીચેનામાંથી કઈ હસ્તપત્ર તેના લઘુચિત્રો માટે જાણીતા છે ?

**(A)** મહાભારત **(B)** <u>કલ્પસૂત્ર</u> **(C)** રામાયણ **(D)** જાતકકથાઓ

**18.** નીચે દર્શાવેલ જોડકા જોડો.

(1) બાટિક શૈલી **(a)** ઓરિસ્સા

(2) ગોંદ ચિત્રકળા **(b)** પશ્ચિમ બંગાળ

(3) કલમકારી ચિત્રકલા **(c)** મધ્યપ્રદેશ

(4) પટચિત્રા ચિત્રકલા **(d)** આંધ્રપ્રદેશ

**(A)** <u>**1 – b, 2 – c, 3 – d, 4 – a**</u> **(B) 1 – d, 2 – c, 3 – b, 4 – a**

**(C) 1 – d, 2 – a, 3 – c, 4 – d** **(D) 1 – c, 2 – d, 3 – a, 4 – b**

**19.** પૃથ્વીના પોપડાના બંધારણમાં મુખ્યત્વે કેટલા તત્વોનો હિસ્સો આશરે 98% જેટલો છે ?

**(A)** સાત **(B)** <u>આઠ</u> **(C)** નવ **(D)** દસ



www.gnanbhandar.com

**20.** નીચેના પૈકી કઈ જોડી ખોટી છે ?

**(A)** નેમિનાથ – કૃષ્ણના પિતરાઇ ભાઈ અરિસ્થનેમિ

**(B)** મલ્લિનાથ -એકમાત્ર સ્ત્રી તીર્થંકર

**(C)** પદ્મપ્રભુનાથ – બનારસના રાજા અશ્વસેનના પુત્ર

**(D)** અણોજ્જા – મહાવીર સ્વામિની પુત્રી

**21.** સિંધુ સંસ્કૃતિની શોધ ભારતીય કલાપ્રવૃતિના ઈતિહાસને દૂરના ભૂતકાળ સુધી લઈ જાય છે આ સંદર્ભે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ? (GPSC-2019)

1. લોથલમાંથી મળેલ પકવેલી માટીની આકૃતિઓ શિલ્પના નમૂના બની રહે છે.

2. હડપ્પામાંથી પથ્થરના ધડ સાથે સામ્ય ધરાવતી આકૃતિઓના નમૂના મળે છે.

3. પકવેલી માટીમાંથી ઘડેલી આકૃતિ ઈજીપ્તના ' મમી'ને મળતી આવે છે.

**(A)** ફકત -1 **(B)**ફકત 2 અને 3 **(C)** ફકત 1 અને 2 **(D)** આપેલ તમામ

**22.** ઋગ્વેદમાં દધિકરા નામ ...............સૂચવે છે ?(GPSC-2019)

**(A)** જમીનનું માપ **(B)**વૈદિક ઋષિ **(C)** દૈવી ઘોડો **(D)** વૈદિક આદિજાતિ

**23.** નીચે દર્શાવેલ જોડકા જોડો. (GPSC-2019)

(1) વી.ડી. સાવરકર **(a)** ચિત્તાગોંગ આર્મરી રેઇડ

(2) સૂર્યસેન **(b)** મિત્ર મેલા

(3) શ્યામજીકૃષ્ણ વર્મા **(c)** કર્ઝન વિલી

(4) મદનલાલ ધિંગરા **(d)** ઇન્ડિયન સોશ્યોલોજિસ્ટ

**(A)** **1 – b, 2 – a, 3 – d, 4 – c** **(B)** **1 – d, 2 – c, 3 – b, 4 – a**

**(C)** **1 – d, 2 – a, 3 – c, 4 – d** **(D)** **1 – c, 2 – d, 3 – a, 4 – b**

**24.** થિયોસોફિકલ સોસાયટી સંદર્ભે નીચે આપેલા વિધાનોમાંથી કયું વિધાન સાચું છે ?

1. તેની સ્થાપના ઇ.સ. 1875માં મેડમ એચ.પી. બ્લાવાસ્તકી અને માજી અંગ્રેજ લશ્કર અધિકારી કર્નલ એચ.એસ. ઓલકોટ દ્વારા કરવામાં આવી હતી.

2. તેનું ધ્યેય મનુષ્ય માટે સાર્વત્રિક ભાઇચારાને સિધ કરવાનું હતું.

3. પ્રાચીન ધર્મ અને તત્વજ્ઞાનના અભ્યાસ પર સોસાયટી ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

4. તેને ગૂઢવિદ્યા પર ભાર મૂકયો હતો.

**(A)** 1 અને 2 માત્ર **(B)** 2 અને 4 માત્ર **(C)** 1, 2,અને 3 માત્ર **(D)** આપેલ તમામ

**25.** અકબરના નવરત્નો વિશે જોડકા જોડો.

(1) હિન્દી અને ફારસીનો પ્રખ્યાત વિદ્વાન **(a)** તાનસેન

(2) હિન્દીનો પ્રખ્યાત સંગીતકાર **(b)** હકિમ હમામ

(3) પ્રખ્યાત રાજપૂત સેનાનાયક **(c)** રાજા માનસિંહ

(4) અકબરનો ઘનિષ્ઠ મિત્ર **(d)** અબ્દુલ રહિમ ખાન

**(A)** **1 – d, 2 – a, 3 – c, 4 – b** **(B)** **1 – d, 2 – c, 3 – b, 4 – a**

(C) 1 – d, 2 – a, 3 – c, 4 – d (D) 1 – c, 2 – d, 3 – a, 4 – b

**26.** પર્શિયનને અદાલતી ભાષા તરીકે નાબૂદ કરીને સ્થાનિક ભાષાઓને ઉપયોગમાં લેવાનો આદેશ કોણે આપ્યો હતો ?

(A) વિલિયમ બેન્ટિક (B) વોરન હેસ્ટિંગ્સ (C) ચાર્લ્સ કોર્નવોલિસ (D) એકપણ નહીં

**27.** વલ્લભાચાર્ય તત્વજ્ઞાન ............................છે.

(A) અદ્વૈતવાદ (B) વિશિષ્ટ અદ્વૈત (C) શુદ્ધ અદ્વૈતવાદ (D) જ્યોતિષ વિદ્યા

**28.** નાગર શૈલીના મંદિરોની દીવાલ કયા નામે ઓળખાય છે ?

(A) મંડોવર (B) સ્તંભ (C) શૃખંલા (D) તોરણ

**29.** બુદ્ધ દ્વારા આપવામાં આવેલા ' ચાર ઉમદા સત્યો' શેના આધારિત છે ?

(A) આખરી વાસ્તવિક્તા (B) મુક્તિ (C) યોગ્ય કર્મ (D) દૂ:ખ અને તેની નાબૂદી

**30.** નીચે દર્શાવેલ જોડકા જોડો.

(1) શાહજહાં (a) મોતી મસ્જિદ (આગ્રા)

(2) ઔરંગઝેબ (b) રાબિયા-ઉદ્-દૌરાન (ઔરંગાબાદ)

(3) અકબર (c) ઇબાદતખાનું

(4) શેરશાહ (d) સાસારામણો મકબરો

(A) 1 – a, 2 – b, 3 – c, 4 – d (B) 1 – d, 2 – c, 3 – b, 4 – a

(C) 1 – d, 2 – a, 3 – c, 4 – d (D) 1 – c, 2 – d, 3 – a, 4 – b

**31.** અકબરે કોને 'કવિપ્રિય'ની ઉપાધિ પ્રદાન કરી હતી ?

(A) ટોટરમલ (B) બિરબલ (C) તાનસેન (D) અબ્દુલ રહિમ ખાન

**32.** 'પિથોરો' કઈ જાતિના સર્વોચ્ચ ભગવાન છે ?

(A) મીના (B) રાઠવા (C) ગરાસિયા (D) ધોડિયા

**33.** ગુપ્તકાલમાં ભુક્તિ (રાજ્ય)ના વહીવટી વડાને શું કહેવામાં આવતા હતા ?

(A) પરદેશીકા (B) રાજુકા (C) ઉપારીકા (D) મહાપાત્ર

**34.** જૈન ધર્મનો કયો મહત્વનો ફાળો ભારતીય દર્શનશાસ્ત્રના સિદ્ધાંત પર જોવા મળે છે ?

(A) સ્યદવદા (B) કર્મ (C) પુન:જન્મ (D) એકાત્મકની હયાતી

**35.** ભગવાન શંકરના માનમાં ગુપ્તકાલમાં ઉદયગીરી ગુફા કોણે બાંધવી હતી ?

(A) વીરસેન સબા (B) હરિશેના (C) પર્ણદત્તા (D) ચક્રપલિતા

**36.** મહારાષ્ટ્રમાં ભક્તિ આંદોલનની શરૂઆત કોને કરી હતી ?

(A) જ્ઞાનેશ્વર (B) એકનાથ (C) તુકારામ (D) સ્વામી રામદાસ

**37.** નીચેના પૈકી કોણ અનુક્રમે પ્રથમ અને છેલ્લા ગુપ્ત રાજવી હતા ?

(A) ચંદ્રગુપ્ત પ્રથમ અને વૈન્ય ગુપ્ત (B) સમુદ્રગુપ્ત અને વિષ્ણુગુપ્ત

(C) શ્રીગુપ્ત અને વિષ્ણુગુપ્ત (D) ચન્દ્રગુપ્ત દ્વિતીય અને કુમારગુપ્ત પ્રથમ

**38.** સંગમસાહિત્યની ભાષા કઈ હતી ?

(A) તેલુગુ (B) તમિલ (C) મલયાલમ (D) કન્નડ

www.gnanbhandar.com

**39.** આધુનિક ભારતમાં નીચેના પૈકી સૌથી મોટું હડપ્પન સંસ્કૃતિનું સ્થળ કયું છે ?

**(A)** રાખીગરી **(B)** સાંઘોલ **(C)**લોથલ **(D)** રોપર

**40.**ચન્દ્રગુપ્ત મૌર્ય સાથે પરણાવેલી ગ્રીક કન્યા હેલન કોની પુત્રી હતી ?

**(A)** મેગેસ્થનિસ **(B)** સેલ્યુક્સ **(C)** એલેકઝાન્ડરફિલિપ **(D)** એકપણ નહીં

**41.** ભારતના સ્વતંત્રતા સંગ્રામના સમયગાળા દરમ્યાન નીચેના પૈકી કોને કેન્દ્રિય હિન્દુ વિધ્યાલય શરૂ કર્યું હતું ?

**(A)** ભિખાજી કામા **(B)** એની બેસન્ટ **(C)**મદનમોહન માલવિયા **(D)** એમ.જી.રાનડે

**42.** ક્યાં બૌદ્ધ ગ્રંથમાં મિનેન્ડર અને બૌદ્ધસાધુ નાગસેન વચ્ચે થયેલા સંવાદોનું વર્ણન છે ?

**(A)** મિલીન્દપાન્હો **(B)** અષ્ટાધ્યાયી **(C)** ત્રિપિટક **(D)** બુદ્ધચરિતમ્

**43.** કયા ગ્રીક દરિયાઈ સાહસિકે મોસમની શોધ કરી હતી ?

**(A)** કોલંબસે **(B)** વાસ્કો ડ ગામા **(C)** હિપ્પાલસે **(D)** માર્કોપોલો

**44.** અકબરે કોને ' રાજકવિ'ની ઉપાધિ પ્રદાન કરી હતી ?

**(A)** ટોટરમલ **(B)**બિરબલ **(C)** તાનસેન **(D)** ફૈજી

**45.** સાતવાહન રાજાઓનો ઈતિહાસનું વર્ણન કયા પુરાણમાં જોવા મળે છે ?

**(A)** મત્સ્યપુરાણ **(B)** વિષ્ણુપુરાણ **(C)** વરાહપુરાણ **(D)**સ્કંદપુરાણ

**46.** બુદ્ધ અને બૌધિસત્વની મૂર્તિઓનું નિર્માણ કઈ શૈલીમાં થયેલું છે ?

**(A)** મથુરા શૈલી **(B)** ગાંધાર શૈલી **(C)** અમરાવતી શૈલી **(D)** એકપણ નહીં

**47.** ગૌતમ બુદ્ધના જીવન સાથે સંકળાયેલ કઈ શૈલી કૃષ્ણા અને ગોદાવરીની ખીણ વિસ્તારમાં વિકસેલી બુદ્ધ અને હાથીની મૂર્તિ આ કલાશૈલીની ઉત્કૃષ્ઠ રચના છે ?

**(A)** મથુરા શૈલી **(B)** ગાંધાર શૈલી **(C)** અમરાવતી શૈલી **(D)** એકપણ નહીં

**48.** નીચેના પાકી કયા ગવર્નર જનરલે કોંગ્રેસને પ્રતિબંધિત કરી અને એક લાખથી વધુ લોકોની ધરપકડ કરી ?

**(A)**લોર્ડ ઇરવિન **(B)** લોર્ડ વેલિંગ્ટન **(C)** લોર્ડ લિનલીથગલો **(D)** લોર્ડ રિપન

**49.** ' મિલીન્દપાન્હો' ગ્રંથ કયા રાજા સાથે સંકળાયેલ છે ?

**(A)** કનિષ્ક **(B)** સમુદ્રગુપ્ત **(C)** રૂદ્રમાતા **(D)** મિનેન્ડર

**50.** નીચે દર્શાવેલ જોડકા જોડો.

(1) અશ્વઘોષ **(a)** મહાભાષ્ય

(2) પાણિની **(b)** અષ્ટાધ્યાયી

(3) પતંજલિ **(c)** સ્વપ્નવાસવદત્તા

(4) ભાસ **(d)** શારીપુત્રપ્રકરણ

**(A) 1 – a, 2 – b, 3 – c, 4 – d** **(B) 1 – d, 2 – b 3 – a, 4 – c**

**(C) 1 – d, 2 – a, 3 – c, 4 – d** **(D) 1 – c, 2 – d, 3 – a, 4 – b**

**51.** કયા સ્થળેથી રોમ સાથેના ભારતીય વેપારના પુરાવા પ્રાપ્ત થાય છે ?

**(A)** ઉજ્જૈન **(B)** અરીકામેડુ **(C)** કલિંગ **(D)** અયોધ્યા

www.gnanbhandar.com

52. યુદ્ધમાં શહીદ થનાર યોદ્ધાઓનું સન્માન કરવા પાળિયા સ્થાપિત કરવામાં આવતા તે તમિલમાં કયા નામે ઓળખવામાં આવતા હતા ?

(A) તિપાયદલ (B) વિશકલ (C) નચુકલ (D) (B) અને (C)

53. ગુપ્તવંશ કોના અનુયાયી તરીકે જાણીતા છે ? (GPSC-2017)

(A) શૈવ સંપ્રદાય (B) ભાગવતસંપ્રદાય (C) સૌર સંપ્રદાય (D) એકપણ નહીં

54. ગુપ્ત વહીવટીતંત્રમાં મંત્રીપરિષદ વિશે જોડકાં જોડો.

(1) મહાદંડનાયક (a) યુદ્ધ મંત્રી

(2) મહાપ્રતિહાર (b) ગુપ્તચર અધિકારી

(3) દૂતક (c) મુખ્ય ન્યાયાધીશ

(4) સંધિવિગ્રહક (d) રાજમહેલના રક્ષક

(A) 1 – a, 2 – b, 3 – c, 4 – d (B) 1 – d, 2 – b 3 – a, 4 – c

(C) 1 – d, 2 – a, 3 – c, 4 – d (D) 1 – c, 2 – d, 3 – b, 4 – a

55. અલ્હાબાદના સ્તંભ પર લખાણ કોના દ્વારા કરવામાં આવ્યું છે ?

(A) ભવભૂતિ (B) હરીસેના (C) માઘ (D)કાલિદાસ

56. ગુપ્તકાલમાં ઘટ્ટીયંત્રની મદદથી ખેતરમાં થતી સીંચાઈની પદ્ધતિનું મહત્વપૂર્ણ વર્ણન બાણભટ્ટની કઈ કૃતિમાં જોવા મળે છે ?

(A) કાદંબરી (B) ચંડીશતક (C) હર્ષચરિત (D) એકપણ નહીં

57. ખગોળની વિભિન્ન પદ્ધતિઓ પર આધારિત 'પંચસિદ્ધાંતિકા' મહાગ્રંથ કોણે રચ્યો છે ?

(A) આર્યભટ્ટ (B) વરાહમિહિર (C) બ્રહ્મગુપ્ત (D) એકપણ નહીં

58. નીચેના પૈકીનું કયું વિધાન એ સિદ્ધાંતને ટેકો નથી આપતું કે હડપ્પા સંસ્કૃતિમાં કેન્દ્રિત સત્તા હતી ?

(A) નગર આયોજનમાં એકરૂપતા

(B) હડપ્પાના ઘણા સ્થળોએ રાજગઢ મળી આવ્યા છે.

(C) સ્થળોની વ્યૂહાત્મક જગ્યાઓ

(D) ઈંટના કદનો પ્રમાણભૂત ગુણોત્તર

59. ક્યા ગણિતજ્ઞને દશાંશપદ્ધતિનો સર્વપ્રથમ વખત પ્રયોગ કર્યો હતો ?

(A) આર્યભટ્ટ (B) વરાહમિહિર (C) બ્રહ્મગુપ્ત (D) ભાસ્કરાચાર્ય

60. ક્યા વર્ષને ગુપ્ત સંવત કહેવામા આવે છે ?

(A) ઇ.સ. 317 (B) ઇ.સ. 318 (C) ઇ.સ. 319 (D) ઇ.સ. 320

61. ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ, 1858 વિશે નીચે પૈકી કયું વિધાન સાચું છે ?(GPSC-2019)

1. ઈસ્ટ ઈન્ડિયા કંપની પાસેથી વહીવટીતંત્ર બ્રિટિશ તાજને સોપાયું.

2. બ્રિટિશ સરકારની જોડાણ નીતિનો અંત આવ્યો.

3. ગવર્નર જનરલ ભારતના વાઈસરૉય બન્યા.

4. તેણે મહાલવારી પ્રથાનો અંત આણ્યો.

www.gnanbhandar.com

(A) 1 અને 2 માત્ર (B) 2 અને 4 માત્ર (C) 1, 2,અને 3 માત્ર (D) આપેલ તમામ

62. ક્યા ભરતકામમાં સફેદ દોરો ફુલો અને અન્ય ભાત બનાવવા માટે વપરાય છે અને તે લખનઉમાં પ્રખ્યાત છે ?

(A) ફૂલકારી (B)કલમકારી (C) ચીકનકારી (D) કશીદા

63. ક્યાં ગુપ્ત રાજવીને ભારતનો નેપોલિયન કહેવામાં આવે છે ?

(A) ચંદ્રગુપ્ત પ્રથમ (B) ચંદ્રગુપ્ત દ્વિતીય (C) સ્કંદગુપ્ત (D) સમુદ્રગુપ્ત

64. નીચેના પૈકી કયું જૈન સાહિત્યનો હિસ્સો નથી ?

(A) થેરીગાથા (B)સૂત્રકૃતાંગ (C)આચારાંગ સૂત્ર (D) બૃહદકલ્પસૂત્ર

65. કયા ગુપ્ત રાજાનો શૈલલેખ જુનાગઢમાંથી મળી આવ્યો છે ?

(A) ચંદ્રગુપ્ત પ્રથમ (B) ચંદ્રગુપ્ત દ્વિતીય (C) સ્કંદગુપ્ત (D) સમુદ્રગુપ્ત

66. કુમારગુપ્ત વિષેની આધારભૂત માહિતી કયાંના અભિલેખમાંથી મળી રહે છે ?

(A) ગિરનાર (B) ભિલસા (C) દામોદરપુર (D) બરાબરના

67. બૌદ્ધ પરિભાષામાં ‘ પરમચક્ર પ્રવર્તન’ શબ્દ શું સૂચવે છે ?

(A)બુદ્ધ દ્વારા પ્રથમ ઉપદેશ (B)અશોકનો અંગત ધર્મ

(C) બુદ્ધ દ્વારા નિર્વાણની પ્રાપ્તિ (D) એકપણ નહીં

68. ગુપ્ત કાળના કળા અને સ્થાપત્ય વિશે જોડકાં જોડો.

(1) નૃસિંહનું મંદિર (a) પોરબંદર, ગુજરાત

(2) લારખાનનું મંદિર (b) દેવગઢ, ઉત્તરપ્રદેશ

(3) દશાવતાર મંદિર (c) એરણ, મધ્યપ્રદેશ

(4) ગોપનું સૂર્યમંદિર (d) બિજાપુર, કર્ણાટક

(A) 1 – a, 2 – b, 3 – c, 4 – d (B) 1 – c, 2 – d 3 – b, 4 – a

(C) 1 – d, 2 – a, 3 – c, 4 – d (D) 1 – c, 2 – d, 3 – a, 4 – b

69. કાંચીપુરમનું કૈલાશનાથ મંદિર કઈ શૈલીના મંદિરોનું આરંભિક ઉદાહરણ છે ?

(A) દ્રવિડ શૈલી (B)મથુરા શૈલી (C)વેસર શૈલી (D)ધૂમ્મટ શૈલી

70. કયા ગ્રંથમાં આકાશીગ્રહોની માનવીના ભવિષ્ય પર થતી અસરો, લગન, વાવણી , વાસ્તુ વગેરે દરેક પ્રસંગોના મુહૂર્તોની વિગતો આપવામાં આવી છે ?

(A) ભૃગુસંહિતા (B) બૃહદસંહિતા (C) ચરકસંહિતા (D) જયોતિષશાસ્ત્ર

71. આચાર્ય નાગાર્જુને કયા રસાયણવિજ્ઞાન ગ્રંથમાં પારાની ભસ્મબનાવીને ઔષધ તરીકે વાપરવાની ભલામણ કરી છે ?

(A) રસસાગર (B) રસસમુદ્ર (C) રસરત્નાકર (D) રસમધુર

72. કઈ વિધાપીઠમાંથી ભણીને નીકળેલ વિદ્યાર્થી ભારતનો આદર્શ વિદ્યાર્થી ગણાતો હતો ?

(A) તક્ષશિલા (B) નાલંદા (C) વિક્રમશિલા (D) કાંચી વિદ્યાપીઠ

73. “હાથીગુફા શિલાલેખ” નીચેના પૈકી કયા રાજવી માટેનો સ્ત્રોત બન્યો છે ?

(A) સમુદ્રગુપ્ત (B) ખારવેલ (C) સ્કંદગુપ્ત (D) રૂદ્રદમણ

www.gnanbhandar.com

**74.** ભારતની કઈ પ્રાચીન વિદ્યાપીઠમાં મહાન મુસાફર હ્યુ એન સંગે અભ્યાસ કરેલો છે ?

**(A)** તક્ષશિલા **(B)** <u>નાલંદા</u> **(C)** વિક્રમશિલા **(D)** કાંચી વિદ્યાપીઠ

**75.** શિલ્પ, સ્થાપત્ય અને વાસ્તુકલાના ક્ષેત્રે વિશ્વપ્રસિદ્ધ અંગકોરવાટનું મંદિર કોણે બંધાવ્યું હતું ?

**(A)** સૂર્યવર્મન પ્રથમ **(B)** <u>સૂર્યવર્મન બીજો</u> **(C)** સૂર્યવર્મન ત્રીજો **(D)** એકપણ નહીં

**76.** નીચેના પૈકી કયા રાજવંશ સાથે હર્ષવર્ધનને વૈવાહિક સંબંધો હતા ?

**(A)**રાષ્ટ્રકુળ **(B)** ગંગા **(C)** <u>મૈત્રક</u> **(D)** ગુપ્ત પછીના

**77.** પ્રાચીન યુગના ભારતનો છેલ્લો મહાન રાજવી કોણ હતો ?

**(A)** પૃથ્વીરાજ ચૌહાણ **(B)** <u>સમ્રાટ હર્ષવર્ધન</u> **(C)** સમુદ્રગુપ્ત **(D)** સમ્રાટ અશોક

**78.** ગણિતશાસ્ત્રના પિતા તરીકે કોણ ઓળખાય છે ?

**(A)** વરાહમિહિર **(B)** ભાસ્કરાચાર્ય **(C)** બ્રહ્મગુપ્ત **(D)** <u>આર્યભટ્ટ</u>

**79.** બ્રહ્મોસમાજ વિશે નીચે આપેલા વિધાનો પૈકી કયા વિધાનો સાચા છે ?

1. બ્રહ્મોસમાજની શરૂઆત 1828માં કોલકાતામાં રાજારામ મોહનરાય દ્વારા હિન્દુ ધર્મની અંદર સુધારવાદી ચળવળ તરીકે થઈ હતી.

2. બ્રહ્મોસમાજની સ્થાપના હિન્દુ સમાજમાં પ્રવર્તમાન સામાજિક- ધાર્મિક દૂષણઓ દૂર કરી,' સતી' અને જાતિ પ્રથા જેવી પદ્ધતિઓને નાબૂદ કરી હિન્દુ સમાજમાં સુધારા લાવવા માટે કરવામાં આવી હતી.

3. દેવેન્દ્રનાથ ટાગોર અને કેશવચંદ્ર સેને પાછળથી બ્રહ્મોસમાજની બે આવૃતિ બનાવી હતી.

**(A)** 1 અને 2 માત્ર **(B)** 1 અને 3 માત્ર **(C)** 2 અને 3 માત્ર **(D)** <u>આપેલ તમામ</u>

**80.** સમ્રાટ હર્ષવર્ધનના સમયમાં કયો ચીની પ્રવાસી ભારતમાં આવ્યો હતો ?

**(A)** <u>હ્યુ એન સંગ</u> **(B)** ફાહિયાન **(C)** ઇત્સિંગ **(D)** અલબેરૂની

**81.** ભારતની પ્રાચીન વિદ્યાપીઠો વિશે જોડકાં જોડો.

(1) નાલંદા વિદ્યાપીઠ **(a)** ભાગલપુર, બિહાર

(2) તક્ષશિલા વિદ્યાપીઠ **(b)** રાવલપિંડી, પાકિસ્તાન

(3) વલભી વિદ્યાપીઠ **(c)** ભાવનગર, ગુજરાત

(4) વિક્રમશિલા વિદ્યાપીઠ **(d)** બડગાંવ, બિહાર

**(A) 1 – a, 2 – b, 3 – c, 4 – d** **(B) 1 – c, 2 – d 3 – b, 4 – a**

**(C)** **<u>1 – d, 2 – b, 3 – c, 4 – a</u>** **(D) 1 – c, 2 – d, 3 – a, 4 – b**

**82.** વર્તમાન વિયેતનામ પૂર્વે કયા નામથી ઓળખાતું હતું ?

**(A)** <u>ચંપા(અન્નામ)</u> **(B)** કંબોડિયા **(C)** જાવા **(D)** સુમાત્રા

**83.** મંદિર નિર્માણની વેસર શૈલી કયા રાજવંશ દ્વારા સૌપ્રથમ વિકસાવવામાં આવી હતી ?

**(A)** પલ્લવ **(B)**ચોલ **(C)** <u>ચાલુક્ય</u> **(D)** રાષ્ટ્રકૂટ

**84.** પૂર્વ મધ્યકાલીન ભાષાની કૃતિઓ વિશે જોડકાં જોડો.

| રચના | કૃતિ |
|---|---|
| (1) પોન્ના | **(a)** કવિરાજમાર્ગ |
| (2) કૃષ્ણમિશ્ર | **(b)** ચૌરપંચાશિકા |
| (3) બિલ્હણ | **(c)** શાંતિપુરાણ |
| (4) નૃપતુંગ | **(d)** પ્રબોધચંદ્રોદય |

**(A)** **1 – a, 2 – b, 3 – c, 4 – d** **(B)** **1 – c, 2 – d 3 – a, 4 – b**

**(C)** **1 – d, 2 – b, 3 – c, 4 – a** **(D)** **1 – c, 2 – d, 3 – b, 4 – a**

**85.** ભારતની કઈ પ્રાચીન વિદ્યાપીઠમાં અર્થશાસ્ત્રના કર્તા કૌટિલ્યે અભ્યાસ કરેલો છે ?

**(A)** તક્ષશિલા **(B)** નાલંદા **(C)** વિક્રમશિલા **(D)** કાંચી વિદ્યાપીઠ

**86.** વિશ્વ વિખ્યાત બૌદ્ધસ્તૂપ પ્રાચીન જગતની અજાયબી બોરોબુદુર સ્તૂપ કયાં આવેલો છે ?

**(A)** ચંપામાં (અન્નામ) **(B)** કંબોડિયામાં **(C)** જાવામાં **(D)** સુમાત્રામાં

**87.**" ક્લ્કાચાર્ય કથા" કયા ધર્મનો ગ્રંથ છે ?

**(A)** હિન્દુ **(B)** જૈન **(C)** બૌદ્ધ **(D)** ઈસાઈ

**88.** ગુપ્તકાળમાં હિન્દુ કાયદા વિષયક પુસ્તકો કયા નામે ઓળખાતા હતા ?

**(A)** કાયદાશાસ્ત્ર **(B)** કાનૂન **(C)** સ્મૃતિ **(D)** એકપણ નહીં

**89.** ક્યા ગ્રંથને હાથીની અંબાડી પર મૂકી સિદ્ધરાજ જયસિંહ તથા હેમચંદ્રાચાર્ય ખુલ્લા પગે ચાલીને શોભાયાત્રા કાઢી હતી ?

**(A)** દ્વયાશ્રય **(B)** ગીતગોવિંદ **(C)** સિદ્ધહેમ શબ્દાનુશાસન **(D)** સરસ્વતી કંઠાભરણ

**90.** 10મી સદીમાં કવિ ધનપાલરચિત કઈ કૃતિ ગુજરાતી ભાષાની પ્રથમ કૃતિ મનાય છે ?

**(A)** ભવિસતકાહા **(B)** ધરણીસૂત્ર **(C)** સરસ્વતી કંઠાભરણ **(D)** ભાષ્ય

**91.** જ્ઞાનદેવ અને નામદેવ કઈ ચળવળના જાણીતા નેતાઓ છે ?

**(A)** ગૌડિયા **(B)** વરકરી **(C)** લિંગાયત **(D)** વલ્લભાચારી

**92.** તામિલનાડુંના તાંજોરમાં આવેલું કયું મંદિર સ્થાપત્ય રીતે પ્રાચીન ભારતનું સૌથી મોટું મંદિર છે ?

**(A)** મહાબલીપુરમ મંદિર **(B)** બૃહદેશ્વર મંદિર **(C)** વિઠ્ઠલ મંદિર **(D)** કૈલાશ મંદિર

**93.** ક્યા મંદિરમાં ટકોરો મારવાથી તબલાં, વીણા, વાંસળી કે ' સારેગમપધનિસા' જેવો સંગીતસૂત્ર ધ્વનિ સંભળાય છે ?

**(A)** મહાબલીપુરમ મંદિર **(B)** બૃહદેશ્વર મંદિર **(C)** વિઠ્ઠલ મંદિર **(D)** કૈલાશ મંદિર

**94.** નીચેના પાકી કયું વિધાન " સત્રીયા" નૃત્ય બાબતે સાચું છે ?

1. સત્રીયા શાસ્ત્રીય નૃત્ય છે.
2. તે સંગીત, નૃત્ય અને નાટકનું સંયોજન છે.
3. તે આસામના વૈષ્ણવની સદીઓ જૂની જીવંત પરંપરા છે.

**(A)** ફકત – 1 અને 2 **(B)**ફકત – 2 અને 3 **(C)**ફકત 1 અને 3 **(D)** આપેલ તમામ

www.gnanbhandar.com

95. પૂર્વ મધ્યકાલીન ભાષાની કૃતિઓ વિશે જોડકાં જોડો.

| રચના | કૃતિ |
|---|---|
| (1) જિનસેનસુરી | (a) દ્રયાશ્રય |
| (2) હેમચંદ્રાચાર્ય | (b) વેણીસંહાર |
| (3) રાજશેખર | (c) બાલરામાયણ |
| (4) નારાયણ ભટ્ટ | (d) હરિવંશપુરાણ |

(A) 1 – a, 2 – b, 3 – c, 4 – d (B) 1 – d, 2 – a 3 – c, 4 – b

(C) 1 – d, 2 – b, 3 – c, 4 – a (D) 1 – c, 2 – d, 3 – b, 4 – a

96. ગુપ્તકાળમાં જમીનદારોની યાતનાઓનો ભોગ બનનાર દાસ દાસીઓનું હદયદ્રાવક વર્ણન કઈ કૃતિમાં જોવા મળે છે ?

(A) અભિલેખ (B) કામસૂત્ર (C) મુદ્રારાક્ષસ (D) જાતકકથાઓ

97. ભારતનું સૌથી મોટું શિલ્પ સ્થાપત્યયુકત મંદિર કયું છે ?

(A) મહાબલીપુરમ મંદિર (B) બૃહદેશ્વર મંદિર (C) વિઠ્ઠલ મંદિર (D) કૈલાશ મંદિર

98. રાજારામ મોહનરાયના ધાર્મિક વિચારો વિશે નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?(GPSC-2019)

1. તે એકેશ્વરવાદ, એક ભગવાનની કલ્પનામાં માનતા હતા.
2. તે વેદોને શાશ્વત અને અમોઘ માનતા હતા.
3. તેમણે તમામ ધાર્મિક બાબતોમાં માનવીય કારણ અને સમજદારી પર ભાર મૂક્યો.
4. તેમણે મૂર્તિપૂજાનો વિરોધ કર્યો.

(A) 1,3અને 4 માત્ર (B) 1, 2,અને 3 માત્ર (C) 2 અને 3 માત્ર (D) આપેલ તમામ

99. ભારતની કઈ પ્રાચીન વિદ્યાપીઠમાં 64 વિદ્યાઓનું શિક્ષણ અપાતું હતું ?

(A) તક્ષશિલા (B) નાલંદા (C) વિક્રમશિલા (D) કાંચી વિદ્યાપીઠ

100. ભારતના પ્રાચીન મંદિર અને તેના સ્થાપક વિશે જોડકાં જોડો.

| મંદિર | સ્થાપક |
|---|---|
| (1) બૃહદેશ્વર મંદિર, તામિલનાડુ | (a) કૃષ્ણરાજ પ્રથમ |
| (2) મહાબલિપુરમ મંદિર, તામિલનાડુ | (b) ભીમદેવ પ્રથમ |
| (3) મોઢેરાનું સૂર્યમંદિર, ગુજરાત | (c) નૃસિંહવર્મન પ્રથમ |
| (4) કૈલાશ મંદિર, મહારાષ્ટ્ર | (d) રાજરાજા ચોલે |

(A) 1 – a, 2 – b, 3 – c, 4 – d (B) 1 – d, 2 – a 3 – c, 4 – b

(C) 1 – d, 2 – c, 3 – b, 4 – a (D) 1 – c, 2 – d, 3 – b, 4 – a

www.gnanbhandar.com